## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ, ખરું થયું છે... ગરમીને કારણે ઝાડા થઈ ગયા હતા... ત્યાં દીકરાની પરીક્ષાનું પરિણામ આવ્યું.... બે દિવસથી બધું જ બંધ થઈ ગયું છે

# ચોમાસામાં ૧૦૦ ટકાથી પણ વધુ વરસાદ પડશે

ગાંધીનગર, તા. ૨૯

વર્તમાન સ્થિતિમાં ગ્રહ ભૌગોલિક બાબતો તથા ગરમી અને તાપમાનની દશા જોતા આગામી ચોમાસામાં સો ટકાથી પણ વધુ અને સારો વરસાદ થશે. વર્ષ ૧૯૫૯માં જે ગ્રહો અને ભૌગોલિક પરિસ્થિતિ હતી અને એ જ વર્ષે અતિવૃષ્ટી થઈ હતી તેવી જ સ્થિતિ ચાલુ વર્ષે પણ સર્જાઈ છે. પરિણામે એકંદરે વરસાદ સારો થશે.

હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે ખેડૂત ભાઈઓ જેના માટે આતુર હતા તે વરસાદી વહન કેરળ કાંઠે પહોંચી જવામા છે. સામાન્ય રીતે કેરળ કાંઠે ઘણુ વહેલુ ચોમાસુ પહોંચી જાય અથવા તો જૂન માસમાં ઘણુ જ મોડુ

| | |
|---|---|
| ગાંધીનગર | ૧૭૭૦ એમ.એમ. |
| અમદાવાદ | ૧૦૮૦ એમ.એમ. |
| મહેસાણા | ૧૦૦૦ એમ.એમ. |
| પાટણ | ૧૧૦૦ એમ.એમ. |
| બનાસકાંઠા | ૧૩૦૦ એમ.એમ. |
| સાબરકાંઠા | ૧૨૦૦ એમ.એમ. |
| કચ્છ | ૮૦૦ એમ.એમ. |
| સુરેન્દ્રનગર | ૯૦૦ એમ.એમ. |
| રાજકોટ | ૧૨૦૦ એમ.એમ. |
| જુનાગઢ | ૧૨૦૦ એમ.એમ. |
| વલસાડ | ૨૮૦૦ એમ.એમ. |
| નવસારી | ૨૧૦૦ એમ.એમ. |
| પોરબંદર | ૭૦૦ એમ.એમ. |

ચોમાસુ પહોંચે તો તેની વિપરીત અસર ચોમાસામાં તબક્કાવાર પડતા વરસાદ ઉપર થતી હોય છે. ચોમાસુ બે-ચાર દિવસ વહેલુ પહોંચ્યુ છે પણ ઘણુ વહેલુ પહોંચ્યુ નથી આથી ચોમાસામાં વરસાદ સારો થવાની શક્યતા રહે છે.

૨૯ મે થી હવામાનમાં પલટો આવેલ છે અને પવન ફુંકાય છે અને વાદળોની ગતિવિધિ પણ જોવા મળી હતી. દરીયો ખાર ઉડાવે તો વરસાદ આવે. કીડીઓ દરમાંથી ઉભરાય તો વરસાદ આવે. અલબત્ત હજુ કુદરતી ચિહ્નો નિરનિરંતર ચોમાસાની પૃષ્ટી કરતા નથી. પરંતુ હવાના દબાણ ઉભા થવાથી તા. ૩૦ મે થી ૬ જૂન વચ્ચે રોહીણી નક્ષત્રમાં વરસાદ આવે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છનો કેટલાક ભાગોમાં પણ રોહીણી નક્ષત્રની વરસાદની શક્યતા રહેશે. પોરબંદરના દરીયાથી વાદળોની ગતિવિધિ સૌરાષ્ટ્રના મધ્યભાગો અને ગુજરાતના ભાગો તરફ ધસી આવશે. હાલમાં રોહીણી નક્ષત્રનો વરસાદ આંતરીક ચોમાસાની ગતિવિધિ જણાવે છે. ચોમાસુ અષાઢથી આસો માસ સુધી રહેતુ હોય છે. પરંતુ કેરળ કાંઠે આવેલુ ચોમાસુ, આથમણો પવન, આંધી-વંટોળ વિગેરે ચિહ્નો ચોમાસાની સારી રૂપરેખા જણાવે છે. રોહીણી નક્ષત્રનો વરસાદ તા. ૩૦ મે થી ૬ઠ્ઠી જૂન સુધીમાં થવાની શક્યતા છે. તા. ૭, ૮, ૯ જૂન હિંદ મહાસાગરના પૂર્વ કિનારે ભારે પવન ફુંકાય, દરીયો તોફાની બને, ૧૪, ૧૫, ૧૬ જૂનમાં દરિયા કિનારે સખ્ત પવન ફુંકાય. એટલે પ્રી મોન્સુન એક્ટીવીટીઝ તા. ૨૯ મે થી જોવા મળી છે. ચોમાસુ વરસાદ કોઈ ભાગમાં ભારે તો કોઈ ભાગમાં ઓછો પડશે. ચોમાસુ એકંદરે ૧૦૦ ટકા જેવુ રહી શકે છે. વધુ વરસાદ પણ થઈ શકે છે. ૧૯૫૮-૧૯૫૯ના વરસાદનું આંકલન જોતા તે વર્ષ ભારે ગરમીનુ હતુ.

# રાષ્ટ્રીય મહિલા આયોગનાં સભ્ય ગુજરાતની મુલાકાતે



નવી દિલ્હી મહિલા આયોગના સભ્ય સુષ્મા સાહુ ગુજરાત મહિલા આયોગના અધ્યક્ષ લીલાબેન અંકોલીયા સાથે ત્રણ દિવસ મહિલા કેદીઓની મુલાકાત કરશે

ગાંધીનગર, તા. ૨૯

રાષ્ટ્રીય મહિલા આયોગ નવી દિલ્હીના સદસ્ય સુષ્મા સાહુ આજે ત્રણ દિવસની ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. તેઓ ત્રણ દિવસ દરમિયાન ગુજરાતમાં વિવિધ બેઠકો યોજી મહિલાઓના જુદા જુદા પ્રશ્નો અંગે માહિતી મેળવશે. રાષ્ટ્રીય મહિલા આયોગ નવી દિલ્હીના સદસ્ય સુષ્મા સાહુએ આજે સવારે ગુજરાત મહિલા આયોગની કચેરીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન મહિલા આયોગના વિવિધ અધિકારીઓ સાથે બેઠક યોજી ગુજરાતમાં મહિલાઓની વિવિધ સમસ્યાઓ મામલે ચર્ચા વિચારણા કરી હતી. બેઠક બાદ આ પ્રતિનિધિ મંડળે ગુજરાતના રાજ્યપાલ ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આયોગના સભ્ય સુષ્મા સાહુ અને ગુજરાત મહિલા આયોગના અધ્યક્ષ લીલાબેન અંકોલીયા સહિતના સભ્યોએ આજે વડોદરા જેલની મુલાકાત લીધી હતી અને ૩૦ મે ના રોજ અમદાવાદ સ્થિત સેન્ટ્રલ જેલની મુલાકાત લેશે. આ પ્રતિનિધિ મંડળ જેલમાં મહિલા કેદીઓની વિવિધ સમસ્યા, જેલમાં અપાતી સગવડો અને કાયદાઓનું યોગ્ય પાલન થાય છે કે કેમ તે અંગેની માહિતી મેળવશે.

# સે. ૨૪ની શ્રીનગર સોસાયટી ડસ્ટ ફ્રી બનાવાશે : બારોટ

ગાંધીનગર, તા. ૨૯

સે. ૨૪ની શ્રીનગર સોસાયટીને સંપૂર્ણ ડસ્ટ ફ્રી બનાવવાનો નિર્ણય ગઈકાલે મળેલ મનપાની સ્થાયી સમિતિએ કરી છે.

કોંગી કાઉન્સીલર અંકિત બારોટે આજે સ્થાયી સમિતિના આ નિર્ણયને આવકારતાં જણાવ્યુ છે કે છેલ્લા બે વર્ષથી આ અંગે હુ રજુઆત કરતો હતો અને તેનો આખરે સ્વીકાર થયો છે.

તેમણે જણાવ્યુ છે કે શ્રીનગર સોસાયટીમાં ૪૦૦થી વધુ મકાનો આવેલા છે. મધ્યમ અને શ્રમજીવી પરિવારો અહિ વસે છે. સાંકડા રસ્તા અને ગંદકીને કારણે અહિ વારંવાર રોગચાળાની સ્થિતિ ઉભી થતી રહી છે. હવે ડસ્ટ ફ્રી બનતાં આ વિસ્તારના રહીશોના આરોગ્યમાં સુધારો થશે તેમજ વિસ્તારના લોકોની સુખાકારી પણ વધશે.

# ગ્રામીણ વિદ્યાલયોમાં ગુણવત્તાસભર મૂલ્યવર્ધિત શિક્ષણ અપાય છે : રાણા

ગાંધીનગર, તા. ૨૯

ગઈકાલે જાહેર થયેલ ધો. ૧૦ના પરિણામોમાં ગ્રામીણ વિદ્યાલયોના આવેલા ઉત્કૃષ્ટ પરિણામોએ સાબિત કર્યુ છે કે ગ્રામીણ વિદ્યાલયોમાં શિક્ષણની ગુણવત્તા સુધરી છે.

નવયુગ વિદ્યાલય કુડાસણનું ૬૫ ટકા અને ગાયત્રી વિદ્યામંદિર શિહોલી (મોટી)નુ ૭૧ ટકા પરિણામ પાછલા વર્ષોની તુલનામાં ઘણુ સારૂ પરિણામ આવ્યું છે.

બન્ને વિદ્યાલયોના ટ્રસ્ટી શંકરસિંહ રાણાએ સફળ થયેલા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી જણાવ્યુ છે કે આજે વાલીઓ પોતાના બાળકોને શહેર કરતાં સ્થાનિક ગ્રામ્ય શાળાઓમાં અપાતા શિક્ષણ માટે જે વિશ્વાસ મુકી રહ્યા છે અને ગ્રામીણ વિદ્યાલયો એમની અપેક્ષા મુજબ ગુણવત્તા અને સમયપાલન મુજબ માત્ર પરિણામલક્ષી નહિ પણ મૂલ્યવર્ધિત શિક્ષણનુ વાતાવરણ પુરૂ પાડી રહેલ છે જે શૈક્ષણિક ક્ષેત્રે સારી નિશાની છે.

## ડભોડાનું ગૌરવ



ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામનો વિદ્યાર્થી અતુલ હસમુખભાઈ મકવાણા ગઈકાલે જાહેર થયેલ ધો. ૧૦ની પરીક્ષામાં ૯૨ ટકા ગુણાંક પ્રાપ્ત કરી ઉત્તીર્ણ થયેલ છે.

અતુલ મકવાણાએ બ્રાઈટ સ્કૂલમાં પણ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. અતુલના દાદા ગાંધીનગર જિલ્લા પંચાયતમાં વર્ગ-૪ના કર્મચારી તરીકે ફરજો બજાવે છે. અતુલના પિતા એમ.એસ.સી. (મેથેમેટીક્સ) વિષય સાથે ઉત્તીર્ણ થયેલા છે અને હાલ રાયપુર ખાતે શિક્ષક તરીકે ફરજો બજાવે છે.

અતુલ રોજના ૮ કલાકનુ નિયમિત વાંચન કરતો હતો. તેણે સમાજવિદ્યામાં ૯૯ ગુણ, વિજ્ઞાનમાં ૯૫, ગણિતમાં ૯૧, સંસ્કૃતમાં ૯૩ ગુણ સાથે કુલ ૫૫૨ ગુણ મેળવ્યા છે. ૯૯.૫૬ પર્સન્ટાઈલ રેન્ક મેળવી તેણે ઠાકોર સમાજનું અને ડભોડા ગામનું ગૌરવ વધાર્યુ છે.

# દિલ્હી પબ્લિક સ્કુલ ગાંધીનગરનું ધોરણ-૧૦નું ૧૦૦ ટકા પરિણામ



ગાંધીનગર, તા.૨૯

દિલ્હી પબ્લિક સ્કૂલ-ગાંધીનગરનું સી.બી.એસ.ઈ. ધોરણ-૧૦નું ૧૦૦ ટકા પરિણામ જાહેર થયું છે.

શાળાના પ્રથમ ક્રમાંક પર ત્રણ ત્રણ વિદ્યાર્થીઓએ સ્થાન શોભાવ્યું છે.

ધ્યાની પટેલ, દિવ્યાંગી ચૌહાણ તથા યોગેન્દ્ર મિશ્રાએ ૯૭.૨ ટકા મેળવીને શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. દિવ્યાંશી ચૌહાણે સંસ્કૃત વિષયમાં ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે જયારે શાળાના કુલ ૪૯ વિદ્યાર્થીઓએ ૯૦ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે. આ ઉપલબ્ધિ માટે આચાર્યશ્રી તથા ટ્રસ્ટી મંડળે શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને અભિનંદન પાઠવ્યા છે.

# આઈએનએસડી-કલોલનો મદમસ્ત ફેશન શો



ત્યારે વિદ્યાસહાયકોના પડતર પ્રશ્નોનો સત્વરે ઉકલ નહીં આવે તો ૭૨ કલાક બાદ ઉગ્ર આંદોલની ચિમકી એનએસયુઆઈ દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

આઈએનએસડી, કલોલ દ્વારા તેમના વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલી સુંદર ડિઝાઈન્સ લોકો સુધી પહોંચાડવાના હેતુસર ફેશન શોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૦૦ જેટલી ડિઝાઈન્સ પ્રસ્તુત કરવામાં આવી હતી. લૅકમે ફેશન વિકનાં મૉડેલ્સ દ્વારા રૅમ્પવૉક કરવામાં આવી હતી, જેમણે ઉપસ્થિત સૌનાં દિલ જીતી લીધાં હતાં. આ ફેશન શો ઍથનિક, હૅન્ડીક્રાફ્ટ, સ્પ્રિંગ સમર, ડ્રેપિંગ થીમ, ડૅનિમ અને રૅઈનબો થીમ પર યોજાયું હતું. કેયુર દેસાઈ દ્વારા આ સંપૂર્ણ શો કોરિયોગ્રાફ કરવામાં આવ્યો હતો.

# સિ.સિ.કા.ની માસિક બેઠક ગુરુવારે યોજાશે

ગાંધીનગર, તા.૨૯

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ (સિસિકા)ની માસિક વાર્ષિક બેઠક તા. ૩૧ મી ને ગુરુવારના રોજ સેક્ટર-૭ સ્થિત સૌરાષ્ટ્ર પટેલ સમાજવાડી રાખવામાં આવેલ છે. આ માસિક બેઠકના સમાપન બાદ ભોજન સમારોહનું આયોજન કરાયું છે. આ ભોજન પાસ રૂ.૫૦ ચુકવીને ખજાનચી હરજીવનભાઈ પંચાલ પાસેથી મેળવી લેવા સિ.સિ.કા.ના સભ્યોને સંસ્થા દ્વારા અનુરોધ કરાયો છે.

**બીજા પ્રયત્નની ટુંકી જાહેરખબર**

**મહેસૂલ તપાસણી કમિશનરની કચેરી**

આ કચેરી હસ્તકનું રદબાતલ કરેલ વાહનનું જે તે સ્થિતિમાં નિકાલ કરવાનો થતો હોવાથી રસ ધરાવતી વ્યક્તિ / સંસ્થાઓ જે ગુજરાત ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ એક્ટ-૨૦૧૭ (જી.એસ.ટી.) નીચે નોંધાયેલ બોય તેની પાસેથી બંધ કવરમાં નિયત નમુનામાં તા. ૧૧/૬/૨૦૧૮ના રોજ બપોરના ૧૪-૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે ઓફર મંગાવવામાં આવે છે.

**વાહન નંબર :**

**ટાટા ઈન્ડીગો એલબીએસ III (ડીઝલ) નં. જીજે-૧૮-જી-૨૨૪૭**

અરજીનો નમુનો તથા અન્ય શરતો અંગેની વિગતો વહીવટી શાખા, મહેસૂલ તપાસણી કમિશનરની કચેરી, મહેસૂલ વિભાગ, બ્લોક નં. ૧૧, ૭મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર ખાતેથી કચેરી સમય (રજાના દિવસ સિવાય) દરમિયાન બપોરના ૧૪-૦૦ કલાક સુધીમાં મળી શકશે.

**તા. ૨૫/૫/૨૦૧૮**

**સહી/-**
**(ડો. એલ. કે. વાણીયા)**
**નાયબ કલેક્ટર (તપાસણી)**
**મહેસૂલ તપાસણી કમિશનરની કચેરી, ગાંધીનગર**

**માહિતી/૫૨૬/૧૮-૧૯**

**પરિશિષ્ટ-૧**

**જાહેર નિવિદા**

**કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પૂરી પાડવા અંગે**

શિક્ષણ વિભાગ હસ્તકની ગાંધીનગર ખાતેની સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫માં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવાઓ - સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીથી માંડીને ફાઈલો / ટપાલો પહોંચાડવાની સેવા સહિતની સમગ્રતયા કામગીરીની - પટ્ટાવાળા, હમાલ, સ્વીપર, સફાઈ કામદાર, માળી, અન્ય કામગીરી, ચોકીદાર, કારકુન, લેબ. આસીસ્ટન્ટ 'કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા' પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૩-૦૦ કલાક વચ્ચે તા. ૧/૬/૨૦૧૮ થી ૨૧/૬/૨૦૧૮ સુધીમાં સરકારી વિજ્ઞાન કૉલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતેથી અરજી સાથે આચાર્યશ્રી, સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગર કચેરીના નામનો રૂ. ૨૫૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહી ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ તા. ૧૧/૬/૨૦૧૮ના રોજ બપોરે ૨-૩૦ કલાકે સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૨૧/૬/૨૦૧૮ના રોજ ૧૬-૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

**સ્થળ : ગાંધીનગર**
**તારીખ : ૨૮/૫/૨૦૧૮**
**માહિતી/૫૩૪/૧૮-૧૯**

**કચેરીના વડા**
**સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર**

